પેન્શનરોની વાર્ષિક હયાતીની
ખરાઈ કરવા બાબત

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય,'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો..જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃ– હિતિનિ/ટીસી/ફા.૧૩૪/હયાતી/૨૯૬૦
તારીખઃ ૦૩/૦૫/૨૦૧૦

**:: પરિપત્રક્રમાંક :: ૯ / ૨૦૧૦ ::**

રાજયની તિજોરી કચેરીઓ દ્વારા પેન્શન મેળવતાં પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ કરવા અંગે નીચેની વિગતો ધ્યાને લેવા વિનંતી છે.

- નાણા વિભાગના તા.૫/૦૭/૦૭ ના ઠરાવ ક્રમાંકઃ તજર/૧૦૨૦૦૭/૧૧૭/ઝ થી થયેલ જોગવાઈ મુજબ પેન્શનરોને હયાતીની ખાતરી કરવા અંગેની કાર્યવાહી તિજોરી કચેરી દ્વારા હાથ ધરવાની રહે છે.
- જે તિજોરી કચેરીઓમાં આઈ.એફ.એમ.એસ. પેન્શન મોડયુલ કાર્યરત છે તેવી તિજોરી કચેરીઓમાં કોમ્પ્યૂટર પ્રોગ્રામની ક્ષતિને કારણે સીન/અનસીન ની માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોઈ નાણા વિભાગના તા.૩૦/૧૦/૦૯ ના ઠરાવ ક્રમાંકઃ તજર/૧૦૨૦૦૭/૧૧૭(પાર્ટ–૧)/ઝ થી નિયત થયા મુજબ અન્ય હુકમો ન થાય ત્યાં સુધી હયાતીની ખાતરી વગર પણ પેન્શનનું ચૂકવણું ચાલુ રાખવાનું ઠરાવેલ છે.
- ઉકત જોગવાઈ જે તે વખતે ઉપસ્થિત થયેલ વિશિષ્ટ સંજોગોના સંદર્ભમાં કરવામાં આવેલ છે.
- રાજયની કેટલીક તિજોરી કચેરીઓએ હયાતીની ખરાઈ કર્યા સિવાય પેન્શનના ચૂકવણા ચાલુ રાખેલ છે જે યોગ્ય નથી.
- નાણા વિભાગના ઉકત તા.૫/૭/૦૭ ના ઠરાવની જોગવાઈ અન્વયે હયાતીની ખાતરી કરવાની બાકી હોય તો એક માસમાં પૂર્ણ કરી પેન્શન ચૂકવણાની કાર્યવાહી નિયમોનુસાર કરવા આથી તમામ તિજોરી અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

(ચૌધરી)
**સંયુકત નિયામક**

**પ્રતિ,**

૧.શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી .........
૨.તિજોરી અધિકારીશ્રી પેન્શન ચૂકવણાં કચેરી, અમદાવાદ
૩.નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ગાંધીનગર

E:\PB\NBC\134.doc498